RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ વર્ષ ૨૦૨૫-૨૬ માટેના બજેટને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના સર્વાંગી વિકાસ માની આવકાર....

ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા સતત ચોથી વખત વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું આશરે ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ રજુ કરવામાં આવેલ છે. વિકસીત ગુજરાત બનાવવાના સંકલ્પને સાર્થક કરવા રાજય સરકાર દ્વારા રજુ કરાયેલ આ બજેટને સર્વાંગી વિકાસ માની રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ગુજરાત રાજયના આ બજેટને આવકારતા જણાવેલ કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકસીત ભારતના વિઝનને સાર્થક કરવાના પ્રયાસમાં ગુજરાત સહભાગી બની રહયું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન હોય ત્યારે ગુજરાત રાજયએ આ વિકાસલક્ષી બજેટ આપીને તેમાં સુર પુરાવેલ છે. તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર ઉધોગને વેગ મળે તે માટે રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની વર્ષો જુની માંગણી કરવામાં આવેલ હતી અને રાજકોટ ચેમ્બરના સ્નેહમિલન કાર્યક્રમ દરમ્યાન માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલએ આ માંગણીનો સ્વીકાર કરી સ્થળ પર જ તેની ફાળવણી કરવાની જાહેરાત કરેલ હતી ત્યારે આ બજેટની અંદર રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર બનાવવા માટે આશરે ૫૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ જેનાથી રાજકોટ ચેમ્બરની માંગણી સંતોષાયેલ તે બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યકત કરેલ.

રાજયના નાણામંત્રીશ્રીએ આ બજેટમાં દરેક ક્ષેત્રને આવરી લઈ આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને સહકાર, ઉધોગ અને ખાણ, કલાઈમેન્ટ ચેન્જ, વન અને પર્યાવરણ, પ્રાકૃતિક ખેતી, મહેસુલ, કાયદા, પ્રવાસન-યાત્રાધામ અને નાગરીક ઉડયન, અન્ન અને નાગરીક પુરવઠા, શહેરી અને ગ્રામિણ વિકાસ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, માર્ગ અને મકાન તેમજ શ્રમ અને કૌશલ્ય, આદિજાતી, અનુસુચીત જાતી અને પછાતવર્ગ, સામાજીક ન્યાય-અધિકારીતા, મહિલા અને બાળ વિકાસ, રમત-ગમત, વિગેરે માટે કરોડો રૂપિયાની જોગવાઈ કરેલ છે. તેમજ અમદાવાદ-રાજકોટ એકસપ્રેસ વે થી સૌરાષ્ટ્રના દરીયાકાંઠાને જોડશે. જે આવકારદાયક છે. તેમજ ગુજરાત રાજય ગ્રીન એનર્જી તરફ આગળ વધી રહયું છે અને સેમીકંડકટર ક્ષેત્રે વિશ્વ સ્તરે કામ કરાશે. આમ ગુજરાત રાજયની વિકાસગાથાને આગળ વધારવા માટે સરકાર કટીબધ્ધ છે.

ખાસ કરીને ઉધોગ અને ખાણ વિભાગ માટે આશરે ૧૧૭૦૬ કરોડ ફાળવ્યા છે તે આવકારદાયક છે તેનાથી ગુજરાતના તમામ નાના-મોટા ઉધોગકારોને સારૂ એવું બુસ્ટ મળશે સાથો સાથ રાજયના લઘુ, મધ્યમ અને મોટા ઉધોગો ઉપરાંત સ્ટાર્ટઅપ એકમોની વિવિધ યોજનાઓ હેઠળ સહાય માટે આશરે ૩૬૦૦ કરોડની જોગવાઈથી વેગ મળશે. રાજયના સર્વાંગી વિકાસ સાથે આ બજેટમાં શિક્ષણ અને આરોગ્ય ઉપર વધુ ભાર મુકવામાં આવેલ છે. આ બજેટથી સાર્વત્રીક સ્તરે વિકાસ સાથે દેશના અર્થતંત્રના વિકાસમાં પણ સહભાગી બની રહેશે. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.